૨૦૧૯-૨૦
(જનરલ)

**સને ૨૦૧૯-૨૦ માં ફેરફાર કરેલ અંદાજપત્ર મુજબ વહીવટી મંજૂરી બાબત.**
**સામુહિક વન નિર્માણ યોજના(૨૬-૪૪૦૬) ટ્રી-ટ્રાન્સપ્લાન્ટર મશીન તથા ઓપરેટર અને હેલ્પર, વિભાગ-૧(નવી બાબત)**

**ગુજરાત સરકાર**
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એફએસટી/૧૧૧૯/૩૯૦/ મ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૩૦/૦૮/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો તા.૧૯/૦૭/૨૦૧૯ નો પત્ર ક્રમાંક:સાવયો/ટે.૬/અ/૬૯૬-૯૭/૨૦૧૯-૨૦.

**ઠરાવ**

સને ૨૦૧૯-૨૦ ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં આ યોજના હેઠળ ટ્રી-ટ્રાન્સપ્લાન્ટર મશીન તથા ઓપરેટર અને હેલ્પર અંગેની નવી બાબતે માટે **રૂ.૧૮૦.૦૦ લાખ(અંકે રૂપિયા એકસો એંશી લાખ પુરા)**ની જોગવાઈ કરવામાં આવેલ છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક-(૧) સામેના પત્રથી અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાને અંતે, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉપર વંચાણે લીધા ક્રમાંક(૧) માં દર્શાવેલ તા.૧૯/૦૭/૨૦૧૯ ના પત્રમાં જણાવ્યા મુજબ આ યોજના હેઠળના સામૂહિક વન નિર્માણ યોજના(૨૬-૪૪૦૬) ટ્રી-ટ્રાન્સપ્લાન્ટર મશીન તથા ઓપરેટર અને હેલ્પર માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધિન સને ૨૦૧૯-૨૦ ના સમગ્ર વર્ષ માટે કુલ **રૂ.૧૮૦.૦૦ લાખ(અંકે રૂપિયા એકસો એંશી લાખ પુરા)**ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**મંજૂર કરેલ રકમ**

| | | |
|---|---|---|
| આવર્તક | : | રૂ. ૦૫.૦૦ લાખ |
| અનાવર્તક | : | રૂ.૧૭૫.૦૦ લાખ |
| **કૂલ** | **:** | **રૂ.૧૮૦.૦૦ લાખ** |

**૩.** આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ટ્રી ટ્રાન્સપ્લાન્ટ મશીન નંગ-૧ ખરીદવા | ૧૭૫.૦૦ |
| ૨ | ૧-ઓપરેટર અને ૧-હેલ્પરની સેવા પાછળ થતો ખર્ચ | ૫.૦૦ |
| | કૂલ | ૧૮૦.૦૦ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૧૯-૨૦ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૩. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખેરે સરન્ડર કરવાની રહેશે.

૫. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૭. પ્રસ્તુત  કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારના પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. વાહન ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક:જીએસટી/ ૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ અને તા.૦૬-૦૩-૨૦૧૯ના ઠરાવની જોગવાઇ અને શરતોને અનુસરીને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન કરવાની રહેશે.

૧૦. બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનું વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઇ પ્રકારનું વાહન ખરીદી શકાશે નહીં. તેમજ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવતી વાહન ખરીદી અંગેની નીતિ મુજબ નિયત થયેલ વાહન જ ખરીદવાનું રહેશે.

૧૧. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોવાથી કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૧૨. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની વિભાગની જવાબદારી રહેશે.

૧૩. વાહન ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧ તથા તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. આઇટી સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૮. જે તે જગ્યાઓ પગાર-ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

૧૯. સીધી ભરતીથી નિમણૂક પામનર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ક્ર)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

૨૦. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૨૧. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધત્તિને અનુસરીને કરવાની રહેશે.

૨૨. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૨૩. માનવબળ સબંધમાં આઉટસોર્સીંગની માન્ય પ્રક્રિયા અનુસરવાની શરતે, વાહન ભાડે કરવા બાબત તથા ટ્રાન્સપોર્ટેશન ઈક્વીપમેન્ટ બાબતમાં સક્ષમ કક્ષાએ નિર્ણય લઈ નિયમાનુસાર પ્રક્રિયા અનુસરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૨૪. હાથ ધરવાના થતા કામો માટે સરકારશ્રીની નિયત પ્રક્રિયા અને પધ્ધત્તિ અનુસરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૧૯-૨૦ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓના મુડી હિસાબ |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મુડી હિસાબ |
| મુખ્ય સદર | : | ૪૪૦૬ – વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન અંગે મુડી ખર્ચ અંગેની જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧– વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧– વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | (૧૦) સામૂહિક વન નિર્માણ યોજના |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની અધિક મુખ્ય સચિવશ્રી તથા નાણા વિભાગની તા.૨૩/૦૮/૨૦૧૯ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(કીર્તિકુમાર આઈ. સોલંકી)**
સેક્શન અધિકારી
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (નાણાંકીય વ્યવસ્થાપન), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, પીએમયુ, જીએફડીપી, ગાંધીનગર

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ – બજેટ શાખા.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારીની સીલેક્ટ ફાઈલ.
- સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ – IWDMS પર મૂકવા માટે.